જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૦/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૭૪૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૪ | ૦ | ૧૦૬૭૪ | ૧૬૮૦૪ | ૦ | ૧૬૮૦૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૯૦૦ | ૩૯ | ૧૪૯૩૯ | ૧૫૬૮૯ | ૪૮ | ૧૫૭૩૭ |
| | કુલ | ૨૯૯૬૮ | ૩૯ | ૩૦૦૦૭ | ૩૮૫૭૨ | ૪૮ | ૩૮૬૨૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૦ | ૧૩,૮૨,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૫૫ | ૧૬,૫૫,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :-**

## અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી ટુ વ્હીલર વાહનોની ચોરી કરનાર એક ઈસમને પકડી પાડી ચોરીનાં કુલ-૧૦ વાહનો કિંમત રૂપિયા ૧,૯૮,૦૦૦/- ની મત્તાનાં કબજે કરી કુલ- ૧૯ વાહન ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં ટુ વ્હિલર વાહનચોરીના ગુનાઓના ભેદ વણઉકેલાયેલ હોય આવા પ્રકારના વાહનચોરીના ગુનાઓના ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો.ભરતભાઇ શીવરામભાઇ તથા હે.કો.કૌશીક ગોવિંદભાઇ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે દાણીલીમડા ચાર રસ્તા ખાતેથી એક આરોપી સમસાદઅલી @ સલમાન S/O યુનુસભાઇ જાહીરઅલી શાહી (ફકીર) ઉ.વ.૨૦ રહે.છીપા સોસાયટી યુનાઇટેડ બેકરીમાં દાણીલીમડા અમદાવાદ શહેર મુળગામ:ચૌગાઇ ધયાસારા શ્રાવસ્તી ઉતરપ્રદેશ નાને એક કથ્થાઇ કલરનુ એકટીવા નંબર જીજે-૦૧-એન.ડબલ્યુ-૮૭૬૯ કિંમત રૂ.30000/- ની મત્તાનું સાથે પકડી પાડી તેને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

પકડાયેલ આરોપીની વધુ પુછપરછ કરતાં આ મોટર સાયકલ ઉપરાંત તેણે બીજા પણ ટુ વ્હીલર વાહનોની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

{ જે મુજબ તેણે કુલ્લે ૧૯ જેટલી ચોરીઓને અંજામ આપેલ હોવાનુ જણાવેલ છે.જે નીચે મુજબ છે.}

(૧) આજથી આશરે દસેક દીવસ પહેલા સાંજના સાડા ચારેક વાગ્યાની આસપાસ જમાલપુર હાજીબીબીના ટેકરા પાસેથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ. જે બાબતે ગાયકવાડ હવેલી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૧૨૦૦૬૩૯/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) એક સફેદ કલરનુ સુઝુકી એકસેસ નંબર જીજે ૦૧ એસડી ૬૪૦૬ એક મહીના પહેલા નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે શૌચાલય પાસેથી ચોરી કરેલ છે.જે બાબતે નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૩૭/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૩) એક કાળા કલરની લાલ અને સીલ્વર કલરના પટ્ટાવાળી હોન્ડા સીબી સાઇન મોટર સાયકલ નંબર જીજે ૦૧ યુવી ૨૬૩૦ આજથી આશરે એકાદ વર્ષ પહેલા મેઘાણીનગર રત્નસાગર ચાર રસ્તા પાસે એક પાનના ગલ્લાની સામેથી ચોરી કરેલ છે.જે બાબતે મેઘાણીનગર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૦/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ નો ગુનો શોધાયેલ છે.

(૪) એક કાળા કલરની લાલ અને સીલ્વર કલરના પટ્ટાવાળી હીરો ડીલક્ષ મોટર સાયકલ નંબર જીજે ૦૧ પીએમ ૯૫૦૨ મેં સવાએક વર્ષ પહેલા એલીસબ્રીજ મહાલક્ષ્મી મંદિર પાસે ખુલ્લા પાર્કીંગમાંથી ચોરી કરેલ છે. જે બાબતે રીવરફ્રન્ટ (ઈસ્ટ) પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૭/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૫) એક સફેદ કલરનુ સુઝુકી એકસેસ નંબર જીજે ૦૧ પીઆર ૫૦૬૯ આજથી આશરે દોઢેક વર્ષ પહેલા લકકડીયા પુલની બાજુમાં આવેલ બેંકની સામેથી ચોરી કરેલ છે. જે બાબતે ગાયકવાડ હવેલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૨/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૬) એક બ્લ્યુ કલરની સીલ્વર કલરના પટ્ટાવાળી બજાજ ડીસ્કવર મોટર સાયકલ નંબર જીજે ૨૭ એજે ૬૯૦૬ ની આજથી આશરે પોણા બે વર્ષ પહેલા ઘોડાસર ગાર્ડન/તળાવના ગેટ પાસેથી ચોરી કરેલ છે.જે બાબતે ઈસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૮૦/૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૭) એક કાળા કલરની એકટીવા નંબર જીજે ૦૧ એસ એફ ૪૩૪૮ શાહપુર ખાનપુર કલ્યાણીવાડ ફલેટ આગળથી ચોરી કરેલ છે.જે બાબતે શાહપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૭/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૮) એક કાળા કલરની એકટીવા નંબર જીજે ૧ એલજી ૭૫૩૧ ની આજથી દસેક દીવસ પહેલા નવરંગપુરા દર્પણ છ રસ્તા અંબાલાલ ચેમ્બર્સ સામે પાર્કીંગમાંથી ચોરી કરેલ છે.

(૯) એક બ્લેક કલરનુ લાલ અને વાદળી કલરના પટ્ટાવાળુ હીરો સ્પેલન્ડર પ્લસ મો.સા નંબર જીજે ૧ એલ આર ૦૭૭૦ આજથી નવેક મહીના પહેલા બાપુનગર ભીડભંજન પાસે એક કપડાની દુકાનની બહારથી ચોરી કરેલ છે.

(૧૦) એક વાદળી કલરની એકટીવા નંબર જીજે ૦૧ એલ ડબલ્યુ ૭૪૬૨ ની આજથી આશરે પચ્ચીસેક દીવસ પહેલા જુહાપુરા મોતી બેકરીની બાજુમાં ગલીમાંથી ચોરી કરેલ છે.

(૧૧) આજથી આશરે સાડા ત્રણ મહીના પહેલા મેં મણીનગર સિધ્ધિ વિનાયક હોસ્પીટલના પાર્કીંગમાંથી હોન્ડા ડ્રીમ યુગા મોટર સાયકલ નંબર જીજે-૨૭-આર-૨૪૬૧ નુ ચોરી કરેલ હતુ અને તે ચોરી કરીને ફેરવ્યા બાદ તેની આગળ જીરાફ સર્કલ પાસે એક ફલેટના પાર્કીંગમાં મુકી દીધેલ હતુ.જે બાબતે મણિનગર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૪૫૯/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૧૨) આજથી આશરે સાડા છ મહીના પહેલા મેં નરોડા હરીદર્શન ચાર રસ્તા ચા ની કીટલી પાસેથી એક કાળા ગ્રે કલરની હીરો હોન્ડા મોટર સાયકલ નંબર જીજે-૨૭-બીએ-૬૯૬૯ નુ ચોરી કરેલ હતુ જે  ચોરી કરીને ફેરવ્યા બાદ ચોરી કરેલ જગ્યાની નજીક સ્વામીનારાયણ ફલેટની આસપાસ મુકી દીધેલ હતુ.જે બાબતે નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૦૦૩૨૧/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯  મુજબનો ગુનો શોધાયેલ છે.

(૧૩) આજથી આશરે નવેક મહીના પહેલા મેં મણીનગર ચાર રસ્તા પાસે આવેલ બેંક ઓફ બરોડા પાસેથી એકટીવા નંબર જીજે-૦૧-જેએફ-૯૭૭૯ નુ ચોરી કરેલ હતુ અને તે ચોરી કરીને ફેરવ્યા બાદ ઇન્દીરાબ્રીજ મધર ડેરી સામે પાર્કીંગમા મુકી દીધેલ હતુ. જે બાબતે મણિનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૦૨૩/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૧૪) આજથી આશરે સાડા નવેક મહીના પહેલા મેં મણીનગર દિલ્હી પબ્લીક સ્કુલ ના ઝાંપા આગળથી ગ્રે એકટીવા નંબર જીજે-૦૧-જેએસ-૫૧૨૪ નુ ચોરી કરેલ હતુ અને તે ચોરી કરીને ફેરવ્યા બાદ સાબરમતી રીવર ફ્રન્ટમા કોઇ જગ્યાએ મુકી દીધેલ હતુ. જે બાબતે મણિનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૯/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૧૫) આજથી આશરે દોઢેક વર્ષ પહેલા મેં ખોખરા સેવન ડે સ્કુલ ની સામે એક ફલેટના પાર્કીંગમાંથી ગ્રે એકટીવા નંબર જીજે-૨૭-બીકયુ-૩૭૬૨ નુ ચોરી કરેલ હતુ અને તે ચોરી કરીને ફેરવ્યા બાદ શહેરકોટડા વોરાના રોઝા સીટી ગોલ્ડ સીનેમા પાસે મુકી દીધેલ હતુ. જે બાબતે ખોખરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૭/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯  મુજબનો ગુનો શોધાયેલ છે.

(૧૬) આજથી આશરે પચ્ચીસેક દીવસ પહેલા કાલુપુર ચોખાબજાર પાસેથી એક મોટર સાયકલ ચોરી કરેલ અને તે ચોરી કરીને ફેરવ્યા બાદ દરીયાપુર ટાવર પાસે મુકી દીધેલ હતી.તે મોટર સાયકલનો નંબર મને યાદ નથી.

(૧૭) ઉપરોકત મોટર સાયકલ દરીયાપુર ટાવર મુકી ત્યાંથી લાલ કલરની એક્ટીવાની ચોરી કરેલ અને તે ચોરી કરીને ફેરવ્યા બાદ સારંગપુર બ્રીજ પાસે મુકી દીધેલ હતી.તે એકટીવાનો નંબર મને યાદ નથી.

(૧૮) આજથી આશરે એકાદ મહીના પહેલા અંજલી બ્રીજ નીચેથી એક મોટર સાયકલ ચોરી કરેલ હતી અને તે ચોરી કરીને ફેરવ્યા બાદ વિરમગામ નર્મદા કેનાલ આસપાસ કાચા રોડ પર મુકી દીધેલ હતી. તે મોટર સાયકલનો નંબર મને યાદ નથી.

(૧૯) આજથી આશરે પંદરેક દીવસ પહેલા રાત્રીના દાણીલીમડા ખોડીયારનગર ગુલાબનગર પાસેથી એક જુની સાયકલ ચોરી કરેલ અને બીજા દીવસે બપોરના આ સાયકલ જયાંથી ચોરી કરેલ ત્યાં પાછી મુકી દીધેલ હતી.

**શોધાયેલ ગુન્હા**

(૧)ગાયકવાડ હવેલી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૧૨૦૦૬૩૯/૨૦ ઈ.પી.કો.કલમ ૩૭૯
(૨) ગાયકવાડ હવેલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૨/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૩) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૩૭/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૪) મેઘાણીનગર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૦/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૫) શાહપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૭/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૬) ઈસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૮૦/૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૭) રીવરફ્ન્ટ (ઈસ્ટ) પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૭/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૮) મણિનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૪૫૯/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ (૯) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૩૨૧/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૧૦) મણિનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૦૨૩/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ (૧૧) મણિનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૯/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯
(૧૨) ખોખરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૭/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯

## <u>આરોપીની ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી</u>

પકડાયેલ આરોપી ખાસ કોઈ કામધંધો કરતો ન હોય મોજશોખ કરવાના ઈરાદે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ફરતો રહેતો હતો.તે કોઈપણ જગ્યાએ પાર્ક કરેલ ટુ વ્હિલરને ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલી અગર તોડી તેમજ કોઈ વાહનમાં ભુલથી ચાવી રહી ગયેલ હોય તે વાહનની ચોરી કરતો હતો.ચોરી કરેલ વાહન થોડોક સમય ફેરવી પેટ્રોલ ખલાસ થઈ જાય એટલે તે ગમે ત્યાં અવાવરુ જગ્યાએ મુકી દેતો હતો.આ આરોપીએ આ સિવાય બીજા પણ વાહનો ચોરી કરેલ છે કે કેમ તેમજ તેની સાથે આ ગુનાઓમાં અન્ય કોઈ ઈસમ સંડોવાયેલ છે કે કેમ તે બાબતે સદરી આરોપીની સઘન પુછપરછ તપાસ ચાલું હોય આવા બીજા પણ વાહનચોરીના ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.



## ખાડીયા પોલીસ સ્ટેશનઃ-

## ખાડીયા પો.સ્ટે.ના અનડીટેક્ટ મોબાઇલ ચોરીના આરોપીને પકડી પાડતો ખાડીયા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઇ" ડીવીઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા મળેલ સુચના અંન્વયે અત્રેના ખાડીયા પો.સ્ટે.ના ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૫૨૦૦૦૦૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરીએ ગયેલ મોબાઇલ ફોન ટેકનીકલ સર્વેલન્સ આધારે ડીટેક્ટ કરી ચોરીએ ગયેલ મોબાઇલ ફોન સાથે આરોપી વિનોદ બાબુભાઇ દાતણીયા (વાઘરી) રહે. ગામ દેલવાડા પઢીયાર વાસ તા. બહેચરાજી જીલ્લો. મહેસાણા નાને ઝડપી લઇ છેલ્લા દસેક મહીનાથી અનડીટેક્ટ ચોરીનો ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે. તા. ૧૨/૦૮/૨૦૨૦.

### કામગીરી કરનાર માણસો

અ.હેડ કોન્સ. રાજારામ રૂપાભાઇ બ.નં. ૯૩૧૭ તથા અ.હેડ કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર બ.નં. ૮૫૨૨ તથા અ.પો.કો. જગદિશભાઇ જેઠાભાઇ બ.નં. તથા અ.પો.કો. કુંદનભાઇ ભરતભાઇ બ.નં. ૯૩૯૭ તથા અ.પો.કો. વિષ્ણુકુમાર દેવીસિંહ તથા અ.પો.કો. ધૃવરાજસિંહ અશોકસિંહ તથા અ.પો.કો. મુકેશભાઇ કાનજીભાઇ બ.નં. ૧૩૩૫ તથા અ.હેડ કોન્સ. માલજીભાઇ નાથુભાઇ બ.નં. ૪૩૯૦.

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશનઃ-

## ઝુંટવી લીધેલા મોબાઇલ સાથે આરોપીઓને પકડી પાડતી ઘાટલોડીયા પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન ઇન્ચાર્જ શ્રી જે.બી.ઝાલા સાહેબનાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.વી.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૧૧/૧૦/૨૦૨૦ ના રોજ ઘાટલોડીયા પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ પી.આર.ગામીત સાહેબનાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના અ.લો.ર ગંગારામભાઈ રૂપસીભાઈ બ.નં-૧૨૦૨૧ તથા અ.લો.ર સંજયભાઈ નાનુભાઈ બ.નં-૬૧૧૮ નાઓને મળેલ બાતમી આધારે પકડી પાડી (૧) ઘાટ્લોડીયા પો.સ્ટે. એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૪૪૨૦૦૭૯૯/૨૦૨૦ ઇ.પી.કો કલમ-૩૭૯ (એ),૩ ૧૧૪ મુજબ ના ગુન્હાના કામે ઝુંટવી લીધેલા.મોબાઇલ ને શોધી કાઢી ઘાટલોડીયા પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

આરોપી :-

(૧) બ્રિજેશ રાજકુમાર શાક્ય (કોરી) ઉ.વ ૨૫ રહે- મ.નં ૨૯ રાધીકાપાર્ક સોસાયટી અર્બુદાનગર ની બાજુમાં ચાંદલોડીયા અમદાવાદ શહેર મુળ રહે-વોર્ડ નં-૦૮ યાદવનગર શારદા ટોકીઝ ની પાસે ભીંડ જીલ્લો-ભીંડ (મધ્યપ્રદેશ) (૨) સુમ્મેરસિંગ સન/ઓફ હોતમસિંગ ઉર્ફે પપ્પુસિંગ રાજપુત ઉ.વ ૨૧ રહે- મ.નં ૨/૨૯ રૂખીબાનગર સોસાયટી વિશ્વકર્મા મંદીર ની બાજુમાં ચાંદલોડીયા અમદાવાદ શહેર મુળ રહે-ગામ- ગરહી કરીલપુર નાહીલા તા રાયખેડા થાના રાયખેડા જી ધોલપુર (રાજસ્થાન)

કબ્જે કરેલ મુદ્દામાલ :- આરોપી નં-૦૧ પાસેથી

(૧) એક ONE PLUS-7 MIRRIR GRAY કલરનો મોબાઇલ જેના IMEI નં-867254045122632 તથા IMEI નં-867254045122624ના છે જેની કિંમત આશરે રુપીયા ૨૦,૦૦૦/-

(૨) એક કાળા કલરનો સેમસંગ કંપની નો એ-૩૦-એસ મોડલ નો મોબાઇલ ફોન, જેના IMEI નંબર જોતા (૧) ૩૫૮૫૭૭૧૦૦૮૮૩૬૦૭ (૨) ૩૫૮૫૭૮૧૦૦૮૮૩૬૦૫ ના છે. જેની કિ રૂ.૧૫,૦૦૦/- ગણાય

(૩) એક લાલ અને કાળા કલરની મો.સા. જેની આગળ –પાછળ ની નંબર પ્લેટ ઉપર MP-30-MN-4890 નંબર લખેલ છે.મો.સા નો એન્જીન નંબર જોતા HAIIEMH4L05622 જેવો વંચાય છે.ચેસીસ નંબર જોતા MBLHA7159H4L05729 જેવો વંચાય છે સદર મો.સા ની કિ રૂ.૨૦,૦૦૦/- ગણાય. કબ્જે લીધેલ તમામ મુદ્દામાલની કિંમત રૂ. ૫૫,૦૦૦/- ગણી શકાય

## ડિટેક્ટ કરેલ ગુનાઓ :-

ઘાટલોડીયા પો.સ્ટે. એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૪૨૦૦૭૯૯ ધી ઈ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબ તથા નારણપુરા પો.સ્ટે. એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૪૨૦૦૮૫૬ ધી ઈ.પી.કો કલમ ૩૭૯(એ)૩ મુજબના ગુનાઓ ડિટેક્ટ કરેલ છે.

## આરોપી નં-૦૧ નો ગુન્હાહિત ઇતીહાસ :-

(૧) ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં ૨૬૩/૨૦૧૭ ધી ઇ.પી.કો.- કલમ ૩૫૬.૩૭૯,૧૧૪ મુજબ

## કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :-

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ના ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.વી..રાઠોડ તથા પોલીસ સબ ઇન્સપેકટર શ્રી પી.આર.ગામીત તથા અ.હે.કો અમીતકુમાર ગણેશભાઈ બ.ન-૪૫૯૬ તથા અ.લો.ર ગંગારામભાઈ રૂપસીભાઈ બ.નં-૧૨૦૨૧ તથા અ.લો.ર સંજયભાઈ નાનુભાઈ બ.નં-૬૧૧૮



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનઃ-

### રૂપીયા ૧૯,૮૦,૦૦૦/- ના ઇગ્લીશ દારૂ ભરેલી ટ્રક પકડવામાં આવી કુલ ૩૦,૩૦,૦૦૦/- ના મુદામાલ સાથે ચાર આરોપીઓ અટક કરવામાં આવ્યા

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જેવી અસામાજીક પ્રવૃતીને સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સોલા પોલીસ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. જે.જે.રાણા તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ.એસ.આઇ અમીતભાઇ રણછોડભાઇ તથા પો.કો પ્રભાતભાઇ કલ્યાણભાઇ નાઓને મળેલ ખાનગી બાતમી આધારે સફરજનની પેટીઓની આડમાં છુપાવી ટ્રકની અંદર પરપ્રાંતીય ભારતીય બનાવટના ઇગ્લીશ દારૂની બોટલ નંગ-૨૭૦૦ કિ.રૂ.૧૯,૮૦,૦૦૦/- તથા ટ્રક કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૫ મળી કુલ્લે રૂ.૩૦,૩૦,૦૦૦/- ના મુદામાલ સાથે ચાર આરોપીઓને પકડી પાડવામા આવ્યા.

મુદામાલ :

બ્લેન્ડર પ્રાઇડ અલ્ટ્રા પ્રીમીયમ વ્હીસ્કી ફોર સેલ ઇન હરીયાણા ની બોટલ નંગ-૧૮૦૦ કિ.રૂ.૧૫,૩૦,૦૦૦/- તથા ૨૦-૨૦ સ્ટ્રોંગ લીકર ૭૫૦ મીલી ની બોટલ નંગ-૯૦૦ કિ.રૂ.૪,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૫ કિ.રૂ.૪૭,૫૦૦/- રોકડ નાણા રૂ.૨૫૦૦/- તથા ટ્રક કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩૦,૩૦,૦૦૦/-

આરોપીઓ:

(૧) બરકતખાન સલીમખાન સિન્ધી ઉવ.૨૫ રહે.ગામ.કોનારા તા.ચોહટન જી.બાડમેર રાજસ્થાન.
(૨) તાહરખાન નુરાખાન સિન્ધી ઉવ.૨૪ રહે.ગામ.કોનારા તા.ચોહટન જી.બાડમેર રાજસ્થાન.
(૩) ફોટાખાન રમદાનખાન સિન્ધી ઉવ.૨૨ રહે.ગામ.કોનારા તા.ચોહટન જી.બાડમેર રાજસ્થાન.
(૪) લક્ષ્મણસિંહ હરીસિંહ રાજપૂત ઉવ.૨૨ રહે.ઇન્દીરાનગર તા.જી.બાડમેર રાજસ્થાન.

એમ.ઓ:

ટ્રકની અંદર દારૂની વાસ આવે નહિ તે સારૂ તેમજ પોલીસ ચેકીંગમાં પોલીસ બહારથી જોવે તો સફરજનની પેટીઓ જણાય તે રીતે સફરજનની પેટીઓની આડમાં પરપ્રાંતીય ભારતીય બનાવટના ઇગ્લીશ દારૂની હેરફેર કરવાની એમ.ઓ. અપનાવેલ હતી

આ કામગીરીમા સુપરવીઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા પો.સ.ઇ. જે.જે.રાણા તથા સ્ટાફના એ.એસ.આઇ અમીતભાઇ રણછોડભાઇ, હે.કો ઇન્દ્રજીતસિંહ નવલસિંહ, પો.કો જયરામભાઇ રેવાભાઇ, પો.કો જયપાલસિંહ દશરથસિંહ, પો.કો પ્રભાતભાઇ કલ્યાણભાઇ, પો.કો સંદિપકુમાર અમ્રુતભાઇ, પો.કો હિતેષભાઇ જયરામભાઇ, લોકરક્ષક પ્રકુલભાઇ છેલાભાઇ, લોકરક્ષક ધર્મેન્દ્રકુમાર લીલાભાઇ નોકરી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.









## ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-

### દેશીદારુની હેરાફેરી કરતા ઇસમ વિરુધ્ધ ચાંદખેડા પોલીસ દ્વારા પાસા અટકાયત

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી વનરાજસિંહ સ/ઓ ભાથુસિંહ કાળુસિંહ સોલંકી ઉં.વ.૨૬ રહે-છારાનગર, કાળીગામ, સાબરમતી, અમદાવાદ શહેર નાને ૨૧૨ લિટર દેશીદારૂ કિં.રૂ. ૪૨૨૦/- તથા એક મારૂતી અલ્ટો કાર નં.GJ-01-HN-8767 કિં.રૂ. ૮૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિં.રૂ. ૪૦૦૦/- મળી કુલ્લે રુપિયા ૮૮,૨૪૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોઇ ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૧૪૯/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ સદરી આરોપી વિરુધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. પાર્ટ-સી ૧૧૧૯૧૦૩૯૨૦૦૮૩૫/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઇ), મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાઓમાં સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૦૫૬/૨૦૨૦ તા.૧૨/૧૦/૨૦૨૦ થી સદરી આરોપીને રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૨/૧૦/૨૦૨૦ કલાક ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે.

**કામગીરી કરનાર :-**

(૧) અ.હે.કો. નિખીલેષ દિપકભાઇ બ.નં.૮૫૩૯

(૨) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭

**આરોપી**



## સરખેજ પોલીસ સ્ટેશનઃ-

## સિંધુભવન રોડ પાસેના કાફે પાર્કિંગમાં અલ્ટોકારમાં પાછળની સીટ નીચે ગુપ્તખાનુ બનાવીને તેમા છુપાવીને ગેરકાયદેસર રીતે અમદાવાદ શહેરમાં વેચાણ સારૂ લાવેલ વિદેશી દારૂના જથ્થા સાથે આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ આર.વી અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રેમસુખ ડેલૂ સાહેબ ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,વી.જી.પટેલ સાહેબ "એમ" ડિવીઝન, સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર પ્રોહિબીશનને લગતી બદી નેસ્ત નામુદ થવા મળેલ સુચના મુજબ આંબલી ચોકીના પો.સબ.ઇન્સ. એસ.એ.અસનાની તથા સર્વેલન્સ સ્કોડના એ.હે.કો. ઇદ્રીશખાન, પો.કો.ધર્મેન્દ્રસિંહ નારણભાઈ, એલ.આર. દિલીપભાઈ ભાનુભાઈ, એલ.આર. મહેન્દ્રસિંહ અગરસંગ, એલ.આર. પ્રદીપભાઈ પરસોત્તમભાઈ નાઓ આંબલી ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સિંધુભવન રોડ ખાતે આવતા એલ.આર. મહેન્દ્રસિંહ અગરસંગનાઓને મળેલ ખાનગી બાતમીહકીકત આધારેસિંધુભવન રોડ પાસેના કાફેના પાર્કિંગમાં ગેરકાયદેસર વિદેશી દારૂના વેચાણ સારૂ મારૂતિ સુઝુકી અલ્ટો કારમાં પાછળની સીટમાં ગુપ્ત ખાન બનાવીને તેમાં વિદેશી દારૂનો જથ્થો લાવેલ છે. જે હકિકત આધારે સિંધુ ભવન રોડ પાસેના કસકાફે ના પાર્કિંગમાંથી એક ઈસમને મારુતિ અલ્ટો કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે પકડી પાડી સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(૧)(બી), ૮૧, ૯૮(૨) મુજબની કાયદેસરની કાર્યવાહિ કરી ઉપરોક્ત ગુન્હો શોધી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧) વિદેશી દારૂની કુલ-૫૫ બોટલો મળી કુલ્લે રૂપિયા ૪૮,૬૪૬/-નો જથ્થો
(૨) મારૂતિ સુઝુકી અલ્ટોકારની કિં.રૂ.૨,૫૦,૦૦૦/-
(૩) વનપ્લસ કંપનીનો મોબાઇલ ફોન નંગ-૦૧ ની કુલ્લે કિં.રૂપિયા ૩,૧૮,૬૪૬/-

## પકડાયેલ આરોપી:-

(૧) મહિપાલસિંહ સ\ઓ મોબતસિંહ નાથુસિંહ તંવર (ઉ.વ.૨૧) (હાલ રહે.રૂમ નં.૧ ખોડીયારનગર થલતેજ ગામ મુળ રહે. ગામ-પચલાસાબડા તા. સાબલા જિ.ડુંગરપુર રાજસ્થાન

## વોન્ટેડ આરોપી :

(૧) નેપાળસિહ રાઠોડ મુળ રહે.ગામ-પચલાસાબડા તા.સાબલા જિ.-ડુંગરપુર રાજસ્થાન.



## <u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫૦/૨૦૨૦</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૦૯ લીટર દેશી દારૂ, ૨૭૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ટ્રક, ૩ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫૧/૨૦૨૦</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫૨/૨૦૨૦</u>

**વાડજઃ** જબુબહેન વા/ઓ બબુભાઇ રબારી (ઉ.વ.૬૫) (રહે. રબારીવાસ વિસતમાતાના મંદીરની બાજુમાં કાળીગામ સાબરમતી) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે જુના વાડજ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ ખાતે અજાણ્યો પુરૂષ જબુબહેન પાસે આવી “તમારા દીકરા કાનજીભાઇને અકસ્માત થયેલ છે અને તેઓની સારવાર ચાલુ હોઇ રૂપિયાની જરૂરીયાત છે” તેમ કહી જબુબહેન રબારી પાસેથી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

## <u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫૩/૨૦૨૦</u>

**વેજલપુરઃ** નાથુભાઇ જવાનજી પટેલ (રહે. અરૂણનગર સોસાયટી મોના પાર્કની બાજુમાં વેજલપુર) એ તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૦ રાતના ૯/૩૦ થી તા.૧૦/૧૦/૨૦૨૦ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન વેજલપુર સહજાનંદ ટાવર “વિશાલ રેડીમેન્ટ શો રૂમ” નામની દુકાનનાં પતરા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી અલગ-અલગ કપડાના પીસ કિમત રૂપિયા ૨,૨૦,૫૦૦/- અને રોકડ રૂપિયા ૪૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૪/૨૦૨૦**

**કારંજઃ** સંધ્યા ડો/ઓ સંતોષકુમાર જૈન (ઉ.વ.૨૭) (રહે. જયમંગલ રેસીડેન્સી ગીરધરનગર બ્રિજ પાસે ગીરધરનગર સોસાયટી શાહીબાગ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૦ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે ખાસબજાર નજીક ઢાલગરવાડમાં એચ.કે.ડ્રેસીસ નામની દુકાન આગળ અજાણી વ્યક્તિએ પર્સમાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૮૦,૦૦૦/-, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૮,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૫/૨૦૨૦**

**સરદારનગરઃ** રવિચન્દ્ર રામજીભાઇ બલાત (ઉ.વ.૭૨) (રહે.નટવરનગર સોસાયટી ધનશ્યામનગર નોબલનગરની બાજુમાં સરદારનગર) તા.૧૨/૧૦/૨૦૨૦ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે રવિચન્દ્ર બલાત પત્ની સાથે ધનશ્યામનગર સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રવિચન્દ્ર બલાતના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૪,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રવિચન્દ્ર બલાતએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૬/૨૦૨૦**

**નિકોલઃ** જયંતિભાઇ જાદવજીભાઇ રાડિયા (ઉ.વ.૬૨) (રહે.ક્રિશ ગોલ્ડ રેસિડેન્સી ડી-માર્ટ પાછળ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૦ સવારના ૯/૦૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**ગોમતીપુરઃ** સરતાજભાઇ ઇમદાદઅલી શેખ (રહે. ઝલક ફ્લેટ હુશેની મસ્જીદ સામે રાજપુર ટોલનાકા ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૦ કલાક ૧૧/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવીદાસ વીરભાણ ચલાવે છે.

**રીવરફ્રંટ ઈસ્ટઃ** સરસ્વતીબહેન વા/ઓ સુનીલભાઇ પટણી (ઉ.વ.૩૨) (રહે.અસારવા સંતોષીમાતાના મંદીર પાસે કડીયાની ચાલી અસારવા) એ બિમારીથી કંટાળી તા.૧૨/૧૦/૨૦૨૦ કલાક ૮/૫૦ વાગ્યા પહેલા રીવરફ્રંટ ગાર્ડન ગેટ નંબર-૩ પાછળ વોક-વે નજીક નદીમા પડતુ મુકી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી